# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨/૭/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બર દ્વારા નવી દિલ્હી ખાતે નાણાંમંત્રી અને ટેક્ષટાઇલ મંત્રીને રીફંડ, જીએસટી અને ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે અસરકારક રજૂઆત

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અને તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સાંસદ શ્રી સી.આર. પાટીલ અને શ્રીમતી દર્શનાબેન જરદોશની સાથે મળીને નવી દિલ્હી ખાતે કેન્દ્રના માનનીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલાબેન સીતારામન, નાણાં વિભાગના રાજ્ય કક્ષાના માનનીય મંત્રી શ્રી અનુરાગ ઠાકુર, માનનીય ટેક્ષટાઇલ મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાની અને કેન્દ્રના કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ તેમજ રેલવે મિનિસ્ટર શ્રી પીયુષ ગોયલની રૂબરૂ મુલાકાત લઇ રીફંડ અને જીએસટી સહિત ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીના વિવિધ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે અસરકારક રજૂઆત કરી હતી.

પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, કેન્દ્રના માનનીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલાબેન સીતારામન સમક્ષ ખાસ કરીને રીફંડ અને જીએસટીના મામલે રજૂઆત કરવામાં આવી હતી. ચેમ્બરની રજૂઆતને પગલે તેમણે બજેટ બાદ આ અંગે ત્વરીત ઘટતું કરવા આશ્વાસન આપ્યુ હતુ. માનનીય ટેક્ષટાઇલ મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાનીને ટેક્ષટાઇલ ઈન્ડસ્ટ્રીઝના વિવિધ પડતર પ્રશ્નો મામલે રજૂઆત કરવામાં આવી હતી. બજેટમાં રાહત આપવા માટે ગઇકાલે તેમને રજૂઆત કરાઇ હતી. ચેમ્બર દ્વારા ઓગષ્ટ ૨૦૧૯માં યોજાનારા યાર્ન એક્ષ્પોનું ઉદ્ઘાટન માટે શ્રીમતી સ્મૃતિબેન ઇરાનીને આમંત્રણ આપવામાં આવ્યુ હતુ.

હાલમાં જ સાંસદ શ્રી સી.આર. પાટીલની લોકસભા હાઉસ કમિટીના ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવતા ચેમ્બર દ્વારા તેમને અભિનંદન આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.